# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

“પંડિત દીનદયાળ ભવન”, સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૨/૦૩/૨૦૧૭

તંત્રીશ્રી,

............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

- ૨૩ મી માર્ચ શહિદ દિન નિમિત્તે યોજાશે “શહિદ દિન કૂચ”
- માન. ગુજરાત પ્રદેશ પ્રમખ શ્રી જીતુભાઈ વાઘાણી સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેશે.
- વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ થી રિંગ રોડ આંબેડકરજીની પ્રતિમા સુધી યોજાશે “શહિદ દિન કૂચ”

ભારતીય જનતા યુવા મોરચાના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ દેસાઈ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

૨૩ મી માર્ચ શહિદ દિન નિમિત્તે ભારતીય જનતા યુવા મોરચા દ્વારા “શહિદ દિન કૂચ”નું આયોજન કરવામાં આવ્યું છે. માન. પ્રદેશ પ્રમુખ શ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ થી રિંગ રોડ આંબેડકરજીની પ્રતિમા સુધી “શહિદ દિન કૂચ” યોજાશે.

દેશની આઝાદી માટે લડત લડનાર વીર ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂને ૨૩ મી માર્ચના રોજ ફાંસી આપવામાં આવી હતી. શહિદોની યાદમાં આ દિવસને “શહિદ દિન” તરીકે ઉજવવામાં આવે છે. શહિદોની યાદમાં ભારતીય જનતા યુવા મોરચા દ્વારા “શહિદ દિન કૂચ”નું આયોજન કરવામાં આવ્યું છે. ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત યુવાનોને માન. પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે સવારે ૧૦:૦૦ કલાકે સંબોધન કરશે. ત્યારબાદ વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ થી રિંગ રોડ માન દરવાજા સ્થિત ડો. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમા સુધી “શહિદ દિન કૂચ” યોજાશે. આ અંગે ભાજપ–સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ જણાવ્યું કે યુવાનોમાં દેશભક્તિના ગુણો વિકસે. યુવાનો શહિદોના જીવન પરથી પ્રેરણા લઈ શકે તે માટે ભાજપા દ્વારા આ “શહિદ દિન કૂચ”નું આયોજન કરવામાં આવ્યું છે.